

# હું તેને સેક્સનું કહું છું ને એ કહે છે લગ્ન પછી...

પ્રેમ પ્રશ્ન

**મારી ગર્લફ્રેન્ડ મને વારંવાર સોગંદ આપીને અટકાવી દે છે. આવા સોગંદોનો કઇ અર્થ હું જોતો નથી પણ તેની સામે લાચાર થઈ જાઉં છું.**

**ગૌરવ જોષીપૂરા, સુરત**

સોગંદની પણ એક મઝા છે, અલબત્ત તેનો વારંવાર ઉપયોગ કરવો યોગ્ય નથી. પછી તેમાં મઝા નથી રહેતી. વળી સોગંદનો ખોટો ઉપયોગ થાય તે પણ યોગ્ય નથી. જો તે તમને વધુ રોકી રાખવા સોગંદ આપતી હોય તો તમે રોકાયા વિના રહી શકો? સોગંદ મનની એક રમત સમો છે. તમે તેની સામે લાચાર થઈ જાવ છો તેનો અર્થ એ કે તમે તેના સોગંદથી વશ છો. જો તેના સોગંદ અર્થહીન હોય તો તમે તેને સમજાવતા કેમ નથી?



**હું આખો દિવસ જે છોકરી સાથે ફરું છ તેના નહીં ને કોઈ બીજી જ છોકરીના સપના આવે છે. આવું શા માટે? હું એના પ્રેમમાં છું તેના સપના ભાગ્યે જ આવે છે.**

**અંસુમાલી પ્રતાપ-બારડોલી**

તમારો પ્રેમ જેની સાથે હોય તેનો જ સપનાં આવે તેવી મનની શરત નથી હોતી. તમારુ વ્યકત મન અને અવ્યકત મન જૂદુ જૂદું છે. ઉંઘમાં પેલું અવ્યકત મન જાગે છે અને તેમાં સચવાયેલી કોઈ યુવતીને જગાડે છે. આનો ઉપાય કદાચ એજ છે કે જેને તમે ચાહતા હો તેના પ્રત્યે હજુ વધુ પ્રામાણિક બનો. તમારા મનને હજુ વધુ સ્થિર કરો. તમારી ચંચળતા ઓછી કરો.



**એક દિવસ હું તેને મળવા ગઈ તો તે બીજી છોકરી સાથે બેઠો હતો. અચાનક ગયેલી તેથી મને આ જાણ થઈ. પછી તે બંનેએ મારી ખૂબ માફી માંગી. આ પ્રસંગને ત્રણેક મહિના થઈ ગયા. મારો બોયફ્રેન્ડ પેલી છોકરીને નથી મળતો તેવું પેલી છોકરી પણ કહે છે તોય મારું મન હવે માનતું નથી.**

**મન્વિતા પટેલ, નવસારી**

ક્યારેક સ્ખલન વિશે આ રીતે થઈ ગયું હોય અને માફી સાચી લાગતી હોય તો માફ કરવામાં સાર છે. પેલી છોકરી પણ વારંવાર માફી માંગી ગઈ હોય તો તેનો અર્થ એ કે તે તમારા પ્રેમને બચાવવા માંગે છે. તે બંનેએ ધાર્યું હોત તો તેઓ આગળ વધી શકયા હતો. ત્રણ ત્રણ મહિનાથી સોરી કહે છે તેનો અર્થ એ કે તેઓ ખરેખર માફી મંગે છે. હવે બહુ ન ખેંચો. જો તમને તમારો બોયફ્રેન્ડ સારો લાગતો હોય તો આ વાત ભૂલાવીને ફરી જોડાઈ જાવ.

**મને શરીરસંબધ બાંધવાની બહુ ઈચ્છા થાય છે. અમે લગ્ન પણ કરવાનાં જ છીએ. મારો બોયફ્રેન્ડ કહે છે કે એવા સંબંધમાં એકવાર શરૂ થઈ જવાશે તો અટકાશે નહીં તે મને શાંત રહેવાની સલાહ આપે છે પણ મારા મન તરફડે છે.**

**તન્વી માહેશ્વરી, સુરત**

આમ તો તમારે તમારાબોયફ્રેન્ડનો આભાર માનવો જોઈએ કારણ કે સામાન્યપણે છોકરા જ શરીરસંબંધ માટે બહુ માંગણી કરાત હોય છે. તમે જો લગ્ન કરવાનાં જ છો તો થોડ થંભી જાવ. આમ છતાં મન માનતું ન હોય તો વહેલા લગ્નનું ગોઠવો. લગ્ન થઈ જાય ત્યાં સુધી શરીર સંબંધનું રહસ્ય ન ઉઘડો તો લગ્ન પછીનો આનંદ વધી જશે.





**પ્રિય આકાશ**

ગઇકાલે હું રાતભર એક વિચારને વિચારતી રહી. વિચાર એવો હતો કે કોઇ પણ પ્રેમકથા હંમેશ અધૂરી રહેવા જ સર્જાયેલી હોય છે. રાત ચડતી ગઇ તેમ આ વિચાર વધુને વધુ નક્કર થતો ગયો. મને આ વિચાર એ રીતે સાચો લાગે છે કે પ્રેમ તો આપણા કુલ મનુષ્યત્વ સાથે જોડાયેલો છે અને મનુષ્યત્વને કદી વિરામ નથી હોતો. મૃત્યુ પણ મનુષ્યત્વનું પૂર્ણ વિરામ નથી. જો આપણે સમગ્રપણે મનુષ્યત્વ જ ન જીવી શકીએ તો પ્રેમને પૂર્ણત્વથી કેવી રીતે જીવી શકીએ? મને હંમેશ લાગે છે કે જેમ આપણે એકબીજાને વધુને વધુ પ્રેમ કરીએ છીએ તેમ તેમ પેલા પ્રેમમાં નવી નવી અધૂરપો, નવી નવી તરસ જાગે છે. જેમ સમુદ્રને કોઇ મધ્યબિન્દુ હોતું નથી તેમ પ્રેમને ય કોઇ મધ્યબિન્દુ નથી. કદાચ અધૂરપ જગાડે એ પ્રેમ જ વધુ સાચો હોય શકે. જો તે પૂર્ણતામય બની જાય તો આપણને એકબીજાનો ખપ પણ શો? તું મારામાં હું તારામાં અટકી જાઉં. એકબીજાને સ્પર્શવાના આલિંગવાનાં કારણો મટી જાય.

આકાશને કહે સમંદર

મને બીજ પણ થાય છે અને તે એ કે સામાન્યપણે તીવ્રતમ પ્રેમ કરવાની શકિત ક્રમશઃ ઓછી થતી જતી હોય છે. ચડતી ઉંમરે તેમાં જે તીવ્રતા હોય તે પછી નથી હોતી. મતલબ કે આ તો ઉંમરના કારણવાળો પ્રેમ થયો કહેવાય. આવા પ્રેમને બહુ લાંબુ કઇ રીતે ખેંચાવી શકાય? પ્રેમનો બીજો તબક્કો શરીર નહીં મનની ભીતરનો હોય છે. પ્રેમ જયારે હૃદયનાં શૃંગાર કરે ત્યારે વધુ ખીલી ઊઠે છે. પણ એવું ઓછું બને છે. પ્રેમ પછી લગ્નનો તબક્કો આવે તો ઝડપથી પેલી લાગણીનું સ્થાન જીવનનાં નાના નાના વ્યવહારો લેવા માંડે છે. ક્યારેક તેમાંથી અથડામણો પણ સર્જાય છે. સાચા પ્રેમની કસોટી ત્યારે શરૂ થાય છે જો એકબીજામાં રહેલા વિરોધો વચ્ચે પણ એકબીજાને ચાહી શકાય તો તે પ્રેમની જીત છે.

હું તો ઇચ્છું છું કે હંમેશ આપણે અધૂરા રહીએ. અધૂરાપણું જે રહસ્ય સર્જે છે. આકર્ષણ જોડે છે તે મને વધુ સારો લાગે છે. પ્રેમનાં આરંભનાં દિવસોમાં પ્રેમીઓ એકબીજાને આલિંગે તો એ રીતે આલિંગતા હોય છે. કે જાણે એકબીજાના શરીરમાં પ્રવેશી જવાના હોય. એકાકાર થઇ જવાના હોય. તે વેળા મસ્તકની ભૂમિકા ઓછી થઇ જતી હોય છે. બે શરીરો એકબીજા સાથે કોઇ વારતા માંડતા હોય તેવું લાગે છે. જયારે આલિંગનની પકડ છૂટતી જણાય ત્યારે સમજવું કે પ્રેમ પરથી શરીરની પકડ છૂટી રહી છે અને જયારે એકબીજાની આંખો શૂન્યવત એકબીજાને તાકતી થઇ જાય તો સમજવું કે હૃદય દેવાળુ ફૂંકવામાં છે.

મને ખબર મારા આકાશ આપણે પ્રેમ આપણામાં કેવી અધૂરપો જગાડશે પણ મારે તારા વડે મારી અધૂરપોને પામવી છે. તું મને જેટલી અધૂરી કરશે તેટલો આપણો પ્રેમ પૂર્ણત્વ તરફ ગતિ કરશે. મારું કહેવું સાચું છે! તું તો મારા કરતાં વધુ વિચારે છે ક્યારેક તો લાગે છે કે તે મને વિચારી ન હોત તો હું કદાચ હોત જ નહીં. હું તારા વડે જોવાયેલી, તકાયેલી છું તેથી જેવી દેખાઉં છું તેવી છું તું મને જુએ છે ને મારામાં સૌંદર્ય પ્રગટે છે. હું આઇનામાં નથી જોતી. તેમાં હું મને નથી દેખાતી. તું જુએ ત્યારે જ હું મને જોઉં છું.

**તારી દરિયા**